Extra No. 395

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **FRIDAY, NOVEMBER 7, 2025 / KARTIKA 16, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

// વંચાણે લીધું //

(૧) ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક: HD/MIS/e-file/8/2025/0778/SB2, તા. ૧૭/૦૯/૨૦૨૫

(૨) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: એમએજી/વશી/૯૬૦૨-૨૫/૨૦૨૪, તા.૧૯/૦૭/૨૦૨૪

// જાહેરનામું //

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે

ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/ ૧૩૧૮૯ થી ૧૩૨૨૩ /૨૦૨૫.-ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના વંચાણ-(૧)ના પરિપત્રમાં જણાવ્યા મુજબ નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષની રીટ પીટીશન(PIL) નં.૨૫૩/૨૦૧૬ કેસમાં નામ. કોર્ટના તા.૧૩/૦૧/૨૦૨૭ ના આદેશ અનુસાર પતંગ ઉડાડવા/ચગાવવાના હેતુથી ચાયનીઝ તુક્કલ/લેન્ટર્ન તથા ચાયનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટીક દોરી, નાયલોન થ્રેડ દોરીનું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. ઉપરોક્ત પ્રતિબંધિત સાધનસામગ્રીના ઉત્પાદન, વેચાણ અને સંગ્રહ કરવા પર ઉત્તરાયણના તહેવાર દરમિયાન દર વર્ષે નવેમ્બર માસના પ્રથમ અઠવાડિયાથી જાન્યુઆરી માસની ૧૬ તારીખ સુધી પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવા સૂચના આપવામાં આવેલ છે.

જે મુજબ જિલ્લામાં ઉપરોક્ત પ્રતિબંધિત સાધનસામગ્રીના ઉત્પાદન, વેચાણ, સંગ્રહ અને ઉપયોગ પર પ્રતિબંધ મુકવા જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

આથી હું સી.કે.ઉધાડ(જી.એ.એસ), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ ની કલમ - ૧૬૩ તથા વંચાણ-(૨)થી મને મળેલ સત્તાની રૂએ નર્મદા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં પતંગ ઉડાડવા/ચગાવવાના હેતુથી ચાયનીઝ તુક્કલ/લેન્ટર્ન તથા ચાયનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટીક દોરી, નાયલોન થ્રેડ દોરી, અન્ય હાનિકારક પદાર્થોથી કોટીંગ કરેલ દોરી, નોન-બાયોડીગ્રેબલ હોય તેવી દોરી, મેટાલીક દોરાઓ, પ્લાસ્ટીક એર બલૂન, ઓડીઓ મેગ્નેટીક ટેપ તેમજ પતંગ ચગાવવા માટે ઉપયોગમાં લેવાતા અન્ય હાનિકારક પદાર્થોના ઉત્પાદન, વેચાણ અને સંગ્રહ કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

// **વિસ્તાર** //

આ જાહેરનામું નર્મદા જિલ્લા સમગ્ર વિસ્તારમાં લાગુ પડશે.

// **અમલવારીનો સમય** //

આ જાહેરનામું જાહેરનામાની તારીખથી તા.૦૫/૦૧/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

// **શિક્ષા** //

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા તા.૦૭/૧૧/૨૦૨૫.

સી.કે.ઉધાડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
નર્મદા-રાજપીપળા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.11.27 18:16:08 IST